## વડીલોને વંદન અભિનંદન



વિઠ્ઠલભાઈ કાળાભાઈ પ્રજાપતિ (૧૯૪૫)મો.૯૪૨૮૦૪૯૭૮



પી.જે.રાઠોડ (૧૯૪૩)ફોનઃ૨૩૨૧૧૧૧૭

# સાબરકાંઠા-૫ બેઠક પર ૩૧, હિંમતનગર-૨૭ બેઠક પર ૨૪ ઉમેદવારો જંગમાં

## છેલ્લા દિવસે લોકસભા બેઠકમાં ૧૭ અને વિધાનસભા હિંમતનગર બેઠકમાં ૯ ફોર્મ ભરાયા

હિંમતનગર, તા. ૯

રાજયમાં લોકસભા અને વિધાનસભાની પેટા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાનો છેલ્લો દિવસ હતો. સાબરકાંઠા લોકસભા બેઠક માટે ૩૧ અને હિંમતનગર બેઠક માટે કુલ ૨૪ ઉમેદવારી પત્રો ભરાયો છે.

લોકસભાની સાબરકાંઠા-૦૫ બેઠક પર કોંગ્રેસના દિગ્ગજ શંકરસિંહ વાઘેલાએ ઉમેદવારી નોંધાવી છે. ત્યારથી આ બેઠક પર સમગ્ર રાજ્ય અને કોંગ્રેસ હાઈકમાન્ડની મીટ મંડાઈ ગઈ છે. લોકસભા માટે ઉમેદવારી પ્રક્રિયા તા. ૨ એપ્રિલથી તા. ૯ એપ્રિલ સુધી ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવી હતી.

સાબરકાંઠા બેઠક પર અંતિમ દિવસે ૧૭ ઉમેદવારી પત્રો ભરાતા અત્યાર સુધી કુલ ૩૧ ઉમેદવારો પોતાનું નશીબ ચમકાવવા માટે મેદાન પડ્યા છે. જેમાં ભાજપમાંથી દિપસિંહ રાઠોડ, કોંગ્રેસમાંથી શંકરસિંહ વાઘેલા, આપમાંથી નટવરભાઈ સોલંકી, બસપામાંથી અજય પટેલ, સમાજવાદી પાર્ટીમાંથી આરીફ શેખ, સહિત કુલ ૩૧ ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે.

લોકસભાની સાથે સાથે વિધાનસભાની પેટા ચૂંટણી પણ યોજાશે. કોંગ્રેસના રાજેન્દ્ર ચાવડાએ પક્ષ પલટો કરી રાજીનામુ આપી ભાજપનો ભગવો ધારણ કરતા વિધાનસભાની બેઠક ૨૭ હિંમતનગરની ચૂંટણી યોજાશે. જેમાં અંતિમ દિવસે ૯ ફોર્મ ભરાતા કુલ ૨૪ ઉમેદવારો ચૂંટણી લડશે.



### આમ આદમી પાર્ટીના ઉમેદવારે ફોર્મ ભર્યું

સાબરકાંઠા લોકસભા બેઠક માટે આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે સોલંકી નટવરભાઈ ગોવાભાઈએ બાબા સાહેબ આંબેડકરના બાવલા પાસેથી રેલી સ્વરૂપે પોતાના સમર્થકો સાથે કલેકટર કચેરી જઈ ચૂંટણી અધિકારી બંછાનિધિ પાની સમક્ષ ઉમેદવારી પત્ર ભર્યું હતું. (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

## જામનગરના ૭૫થી વધુ કોંગ્રેસ સભ્યો ભાજપમાં

અમદાવાદ, તા.૦૯

ભાજપના પ્રદેશ પ્રમુખ આરસી ફળદુ, પરષોત્તમ રૂપાલા, આઈકે જાડેજા, વિજય રૂપાણી વગેરે અગ્રણીઓની હાજરીમાં આજે જામનગર કોંગ્રેસના અગ્રણી જીતુભાઈલાલ સહિત લગભગ ૭૫ જેટલા આગેવાનો કોંગ્રેસમાંથી રાજીનામું આપી ભાજપમાં સામુહીક રીતે જોડાયા હતા. બાજપના અગ્રણી પરષોત્તમ રૂપાલાએ આ તમામ આગેવાનોને ભાજપનો ખેસ પહેરાવી તેમજ ભાજપમાં પ્રવેશ આપ્યો હતો.





# આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગર લોકસભાના કલોલ ખાતે રોડ શો યોજાયો

લોકસભા-૨૦૧૪ની ચૂંટણી નજીક છે ત્યારે આમ આદમી પાર્ટીએ તમામ લોકસભા બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે અને ગુજરાતના તમામ વિસ્તારોમાં આમ આદમીના ઉમેદવારો પોતાનો પ્રચાર પ્રસાર પૂરજોશમાં કરી રહ્યા છે. આજે આમ આદમી પાર્ટીના ગાંધીનગર લોકસભા મત વિસ્તારના ઉમેદવારે કલોલના કાર્યકરોએ એક ભવ્ય રોડ શૉ યોજ્યો હતો અને સ્થાનિક પ્રજાનો સારો એવો પ્રતિસાદ મળ્યો હતો તે પ્રસંગની તસવીર.

# રાજ્યમાં અત્યાર સુધીમાં ૧.૬૫ લાખ ટપાલ મતપત્ર

## ચૂંટણી ફરજ પ્રમાણપત્રની વ્યવસ્થા સુનિશ્ચિત કરાઈ

ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવલે જણાવ્યું છે કે લોકસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૪ અને વિધાનસભા પેટા ચૂંટણી સંબંધી કામગીરી સોંપવામાં આવી હોય તેવા અધિકારીઓ-કર્મચારીઓ તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે એ માટે ભારતના ચૂંટણી પંચના માર્ગદર્શન અનુસાર ટપાલ મતપત્ર(પોસ્ટલ બેલેટ-પીબી)/ચૂંટણી ફરજ -માણપત્ર (ઈ.ડી.સી.)ની વ્યવસ્થા ગુજરાતમાં સુનિશ્ચિત કરવામાં આવી છે. એ-િલ તા. ૫, ૨૦૧૪ સુધીમાં આવા ૧,૬૫,૫૧૬ કર્મચારીઓ માટે આ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. સુધી ચૂંટણી ફરજ અંગેની અંતિમ સૂચિ સુનિશ્ચિત થશે ત્યાં સુધી આ સંખ્યામાં -તિદિન પરિવર્તન આવતું રહેશે.

પોસ્ટલ બેલેટ અને ઈડીસી અંગે વધુ વિગતો આપતા શ્રીમતી કરવલે જણાવ્યું હતું કે હાલની પરિસ્થિતિમાં ૪૫,૨૭૬ બીએલઓ, ૧૦,૪૫૫ માઈક્રો ઓબ્ઝર્વર, ૫,૬૪૫ ઝોનલ ઓફિસર, ૪,૪૦૦ આસિસ્ટન્ટ ઝોનલ ઓફિસર, ૨,૬૯૬ એક્સપેન્ડિચર મોનિટરીગ ઓફિસર, ૧૭,૬૩૮ ડિસ્પેચ રીસીવીગ સ્ટાફ, ૬૪,૬૧૩, મેન્યુઅલ મહિલાઓ અને ૮૬૧ નોડલ ઓફિસર માટે પોસ્ટલ બેલેટ/ઈડીસીની સવલત ભી કરવામાં આવી છે. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીએ કહ્યું કે, ચૂંટણી યોજવા માટે મોટી સંખ્યામાં અધિકારીઓ-કર્મચારીઓને ચૂંટણી સંબંધી કામગીરીની ફરજ સોંપવામાં આવતી હોય છે. મતદાન મથકના -મુખ અધિકારીઓ અને મતદાન અધિકારીઓ, ચૂંટણી મતદાન મથક ટુકડીઓ, પોલીસ કર્મીઓ, સેકટર અને ઝોનલ અધિકારીઓ, રીટર્નિંગ ઓફીસર, મદદનીશ રીટર્નિંગ ઓફિસરો, જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને તેમની ટીમ, માઈકો ઓબ્ઝર્વર્સ, મદદનીશ ખર્ચ નિરિક્ષકો, ચૂંટણી -ક્રીયામા ઉપયોગમા લેવામાં આવતા વાહનોના વાહન ચાલકો, કન્ડકટરો, ક્લિનર્સનો સમાવેશ થતો હોય છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ત્રણ રસ્તા નેશનલ હાઈવે પાસે ચૂંટણીને લઈ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં પોલીસ કર્મીઓ દ્વારા ચુસ્તપણે ચેકીંગથી વાહન ચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## લોડેડ પિસ્તોલ અને ચાર કારતુસ સાથે એક ઝબ્બે

અમદાવાદ ક્રાઈમબ્રાંચે લોડ કરેલ પિસ્તોલ અને ચાર કારતુસ સાથે એક શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે બાતમીના આધારે ગતરોજ જુના વાડજ દશામા માતાના મંદિર સામે આવેલ ખુશ્બુ નાસ્ત સેન્ટર આગળથી કમલસિંગ ઉર્ફે સોનુ સુખરામસિંગ રાજાવત (ઠાકુર) (રહે. સિદ્ધી એપાર્ટમેન્ટ, જુના વાડજ)ને ચાર કારતુસ સાથે લોડ કરેલ એક પિસ્તોલ સાથે ઝડપી પાડ્યો હતો. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય બાબત છે કે શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ ક્રમશઃ ઘટાડવા માટે પોલીસ અધિકારીઓ દ્વારા તકેદારીના ભાગરૂપે વિવિધ પગલાં લેવામાં આવે છે.





સંતોની તપોભૂમિ લક્ષ્મીપુરા ખાતે રામનવમી મનાવવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર પાસેના કોબા આશ્રમના ડૉ. સોની મહરાજ કોબા નિવાસી સંતશ્રી વિરેશ્વર તુલસીદાસ મહારાજ ઉપસ્થિત રહ્યા હતા. રામ નવમી નિમિત્તે સમગ્ર લક્ષ્મીપુરામાં વરઘોડો નીકળ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

# ૨૫ એપ્રિલ સુધી સીપીટીના ફોર્મ ભરાશે : જૂનમાં પરીક્ષા

અમદાવાદ, તા.૦૯

ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્સી ઓફ ઈન્ડિયા દ્વારા દર વર્ષે કોમન પ્રોફિશીયન્સી ટેસ્ટ (સીપીટી) લેવામાં આવે છે. આ પરીક્ષા ચાલુ વર્ષે આગામી ૨૨મી જૂને લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે માટેના ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલુ છે. વિદ્યાર્થીઓ આગામી ૨૫મી એપ્રિલ સુધી પરીક્ષાના ફોર્મ ભરી શકશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્સી ઓફ ઈન્ડિયા દ્વારા દર વર્ષે સીએની સાથે સાથે સીપીટીની પરીક્ષા લેવામાં આવે છે, ત્યારે આ વર્ષે આ પરીક્ષા આગામી ૨૨મી જૂને લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગેની જાહેરાત આઈસીએઆઈની વેબસાઈટ પર કરવામાં આવી છે. આ સાથે જ વેબસાઈટ ઉપર પરીક્ષાનું ફોર્મ પણ ઉપલબ્ધ છે.

વિદ્યાર્થીઓ પરીક્ષાનું ફોર્મ ડાઉનલોડ કરીને તારીખ ૨૫મી એપ્રિલ સુધી એડશીનલ સેક્રેટરી, આઈસીએઆઈ, આઈસીએઆઈ ભવન નવી દિલ્હી ખાતે વિદ્યાર્થીઓએ નિયત કરેલ પરીક્ષા ફી રૂપિયા ૧૦૦ પણ મોકલી આપવાના રહેશે. ઉલ્લેખનીય છે કે દર વર્ષે કોમન પ્રોફીશીયન્સી ટેસ્ટમાં અમદાવાદમાંથી અંદાજે ૩૦૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે જ્યારે રાજ્યભરમાંથી ૭૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપે છે.

## શબ્દાવલી - ૫૩૬૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | | | ■ | |
| ૮ | | | | | | ■ | |
| ■ | ■ | ■ | ■ | ■ | ■ | ૯ | |
| ૧૦ | ૧૧ | ૧૨ | | | ■ | ૧૩ | |
| ૧૪ | | | ■ | ■ | ૧૫ | | ■ |
| | ■ | ૧૬ | | ૧૭ | | ■ | ૧૮ |
| ૧૯ | | | ■ | ૨૦ | | | |

### આડી ચાવી

૧. માર, મેથીપાક (૩)
૩. તસ્દી, શ્રમ, કષ્ટ (૪)
૬. ધનુષ્ય, વર્તુલખંડ (૨)
૭. એક પક્ષી (૩)
૮. બોલવામાં વચ્ચે વારેવારે નકામો નંખાતો શબ્દ જેમ કે સમજયા કે નહિ (૬)
૯. પાકેલુ નહિ તેવું (૨)
૧૦. બડાઇખોર, બડાશો મારનાર (૫)
૧૩. જીદ્દ, હઠ (૨)
૧૪. રંગ કરનાર, રંગારો (૩)
૧૫. ખોટો આરોપ, કલંક (૨)
૧૬. કામઢો, ખુબ કામ કર્યા કરે તેવો (૪)
૧૯. વ્રણ, ઘા (૩)
૨૦. મકાઇની મોટી ધાણી (૪)

### ઊભી ચાવી

૧. નકામી ચર્ચા (૩)
૨. જોકુ, ઝોલુ, ... મારવી(૩)
૩. એક વાદ્ય, નરવા (૩)
૪. કર્મ, નસીબની સાપેક્ષમાં બોલાય (૩)
૫. કર્તવ્યમાંથી ચુકી જવું (૫)
૭. કાગડો (૨)
૯. મેશ, અંજન (૩)
૧૦. બાણાવાળી, નિશાનબાજ (૪)
૧૧. સંબંધી (૨)
૧૨. માટીમાંથી વાસણ વગેરે બનાવવાનું કામ (૪)
૧૫. આળ, આક્ષેપ (૩)
૧૭. ગપ્પુ, ધાપ (૨)
૧૮. જીદ્દ, હઠ (૨)

### શબ્દાવલી ૫૩૬૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) પંચામૃત (૪) પાલક (૬) ચાહત (૭) કાર (૮) કરીયાણું (૧૦) તક (૧૩) સદા (૧૫) કીનખાબ (૧૮) કામદાર (૨૦) વામન (૨૧) જણવા (૨૨) નમકીન

**ઊભી ચાવી :-** (૧) પંચામય (૨) ચાહ (૩) મૃતક (૪) પારણું (૫) કસ્તુરી (૭) કાયા (૯) રીસ (૧૧) કસમ (૧૨) નવાજવું (૧૭) બનવારી (૧૮) કાલીન (૧૯) રટન

## કંપની સમાચાર

### એરપોર્ટ નજીક નારાયણીએ પોતાનો નવો પ્રોજેકટ 'નારાયણી હાઈટ્સ હોટેલ્સ અને રિસોર્ટસ' લૉન્ચ કર્યો

અમદાવાદ અને ગાંધીનગરની વચ્ચે સ્થિત નારાયણી હાઈટસ અમદાવાદ ખાતે લોકપ્રિય રિસોર્ટસમાંથી એક છે. અમદાવાદમાં નારાયણી હાઈટસ છેલ્લાં ૧૪ વર્ષથી છે કે જેણે હાલમાં જ પોતાની વિશ્વસ્તરીય બેનમૂલ સેવાઓમાં નવા પ્રોજેકટ નારાયણી હાઈટ્સ હોટેલ્સ અને રિસોર્ટસનો સમાવેશ કર્યો છે. નારાયણી હાઈટસનો વિશાષ અને સ્તંભ વિનાનો ગ્રાન્ડ બોલરૂમ (બેન્કવેટ હોલ) (૧૬૦૦૦ સ્કે.ફૂટ અને આશરે ૨૦૦૦ની ક્ષણતા) લગ્ન, રિસેપ્શન, સગાઈ, જન્મદિનની પાર્ટી, કોર્પોરેટ ઈવેન્ટ અને અન્ય પ્રસંગોની ઉજવણી માટે આદર્શ સ્થળ છે. નારાયણીમાં વ્યાવસાયિક હેતુ માટે કોન્ફરન્સ હોલ, બોર્ડ રૂમ, ટ્રેનિંગ રૂમ્સ, અને બિઝનેશ સેન્ટર પણ છે. રિસોર્ટમાં રહેઠાણ માટે ૧૨૦ રૂમ્સ છે. આ વૈભવી વ્યવસ્થાના ત્રણ પ્રકાર છે. એકઝીકયુટીવ સ્યુટ, ડીલક્ષ રૂમ્સ અને કોટેડ. અહીંનું શાંત વાતાવરણ આપના રોકાણ દરમિયાન શાંત અને વ્યક્તિગત સમય માણવાનો મોકો આપે છે.

નારાયણી હાઈટસ એક પ્રિમિયમ લાઈફસ્ટાઈલ કલબ હોવાથી મનોરંજનના અનેક વિકલ્પો આપે છે. ઉપરાંત, લાયબ્રેરી, મીની થિયેટર, કિડ્સ કલબ, સ્વિમિંગપુરલ, સ્પા અને બ્યૂટી સેન્ટર, જીમ અને અન્ય ઘણી ઈનડોર સ્પોર્ટની સુવિધાઓ આપે છે. આપણી દરેક મુલાકાત યાદગાર બની રહે તે માટે નારાયણી હોટેલ્સ અને રિસોર્ટસ આરામ અને મનોરંજનના અનેક આકર્ષક વિકલ્પો આપે છે. શહેરના સુપ્રસિદ્ધ ઈન્ટીરીયરને સમકાલીન દેખાવ આપ્યો છે. ગ્રીન વ્યૂ પ્રોજેકટ માટે જાણીતા અમીને ખાસ ધ્યાન રાખ્યું છે કે નારાયણી હોટેલ્સ અને રિસોર્ટસનું પરિસર દરેક મુલાકાતીનું મન મોહી લે.

### ભારતીય મહિલા બેંક વધુ ૫૭ શાખા ખોલશે

ભારતીય મહિલાઓને આર્થિક રીતે સદ્ધર બનાવવાના હેતુથી સ્થપાયેલી ભારતની પહેલી મહિલા બેંક 'ભારતીય મહિલા બેંક' (બીએમબી)નીસ્થાપના એક સાર્વજનિક બેંકના રૂપમાં કરવામાં આવી હતી. જેની સંપૂર્ણ માલિકી ભારત સરકાર પાસે છે. ૧૯૫૬ના કંપની કાયદા મુજબ અને ભારતીય રિઝર્વ બેંકથી સપ્ટેમ્બર ૨૦૧૩માં લાયસન્સ મળ્યા બાદ બેંકની શરૂઆત ૧૯ નવેમ્બર ૨૦૧૩ના રોજ કરવામાં આવી હતી.ભારતીય મહિલા બેંકે ચાર મહિનાના ટૂંકા ગાળામાં દેશભરમાં તેનો વ્યાપ વિસ્તારી કુલ ૨૩ શાખાઓની સ્થાપના કરી છે. ભારતના મુખ્ય શહેરો દિલ્હી, મુબઈ, બેંગ્લોર, ચેન્નાઈ, કોલકાતા, ગોહાટી, લખનઉ, અમદાવાદ, ઈન્દોર, ચંદીગઢ, દહેરાદુન, રાયપુર, થિરૂવનંતપુરમ્, ગોવા, જયપુર, રાંચી, શિમલા, ભુવનેશ્વર, હૈદરાબાદ, અગરતલા, પટના, શિલોંગ તથા ગેંગટોકમાં ભારતીય મહિલા બેંકની ઉપસ્થિતિ છે.

આગામી ટૂંક સમયમાં ભારતીય મહિલા બેંક સમગ્ર દેશમાં વધુ ૫૭ શાખા ખોલવા તેમજ ૩૧ માર્ચ ૨૦૧૫ સુધીમાં કુલ ૮૦ શાખા કરવાની યોજના ધરાવે છે. જેની સાથે ગ્રાહકોની સુવિધા માટે બેંક નજીકના ટુંક સમયમાં પોતાની નેટબેંકીંગ સેવા શરુ કરશે. બેંકના અધ્યક્ષ શ્રી ઉષા અનંત સુબ્રમણ્યમ તેમની ૨૯ વર્ષની કારકિર્દીમાં વિવિધ હોદ્દાઓ પર કામ કરવાનો બહોળો અનુભવ ધરાવે છે.

### નવું ઉમેદવારી પત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે કોંગ્રેસના ઉમેદવાર શ્રી કીરીટ પટેલના નામની દરખાસ્ત તૈયાર કરનાર નામોમાં કેટલીક ક્ષતિઓ તેમના ધ્યાને આવતાં તેમણે આજે બપોરે કલેકટર કચેરી ખાતે ચૂપચાપ આવી અને તેમના ઉમેદવારીપત્રના બે વધુ સેટ તેમજ એફીડેવટ રજુ કરી રવાના થઈ ગયા હતા.

બસપાના શ્રી નિરંજન ઘોષ પણ પોતાનું નવુ ઉમેદવારી પત્ર રજુ કરી રવાના થઈ ગયા હતા. ગાંધીનગર કલેકટર કચેરીનો સંપર્ક કરતાં એવું જાણવા મળ્યું હતું કે ઉમેદવાર તેમના ફોર્મમાં સુધારા વધારા સાથે નિયત સમય મર્યાદામાં બીજું ફોર્મ રજુ કરી શકે છે.

જો કે આ સમગ્ર પ્રકરણમાં ગાંધીનગર કોંગ્રેસના આગેવાનો અજાણ હોવાનું ધ્યાને આવ્યું છે. ગાંધીનગર બેઠક માટે અગાઉ પણ શ્રી કીરીટ પટેલે બ સેટમાં પોતાનું ઉમેદવારી પત્ર રજુ કર્યું હતું. જયારે આજે પોતાનું નવું ફોર્મ પણ બે સેટમાં જ રજુ કર્યું છે.

ગાંધીનગર બેઠકના ઉમેદવારીપત્રોની આજે ચકાસણી થવાની છે. તંત્ર દ્વારા ચકાસણી અંગેની પ્રક્રિયા માટેની પૂર્વ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ ૩૮ જેટલા ઉમેદવારી પત્રો રજુ થયા છે એટલે ચકાસણીની પ્રક્રિયા મોડી સાંજ સુધી ચાલશે તેમ મનાઈ રહ્યું છે.

### ગ્રહણનો ભય.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ મતદારો અવઢવમાં મુકાઈ ગયા હતા. જો કે બુકીંગ થઈ ગયા હોવાથી તારીખોમાં ફેરફાર કરવાની શકયતા નહીવત અથવા ઝંઝટ ભરેલી હોવાથી તેમજ પરિવારમાં ખાસ કરીને બાળકોમાં 'મૂડ' બગડી જવાથી ઘર્ષણ થવાની સંભાવના જોઈને આ નાગરિકોએ વેકેશન પ્લાનીંગ યથાવત રાખવાનું વધુ મુનાસીબ માની રહ્યા છે. ઘણા પરિવારોએ એક સાથે હિલસ્ટેશનની મજા માણવા ટૂરના બુકીંગ કરાવ્યા હોઈ બધાની સહમતિ સાધવી પણ શકય બનતી નથી.

આ વખતે ચૂંટણી પંચ દ્વારા આ વખતે મતદારોની જાગૃતિ વધે અને વધુને વધુ મતદારો મતનો ઉપયોગ કરી દેશના ભવિષ્ય માટે નિર્ણય લે તે માટે ખૂબ જ પ્રશંસનીય કાર્ય કરાઈ રહ્યું છે. મતદાતા જાગૃતિ અભિયાન દ્વારા ચૂંટણી પંચે મતદારોને જગાડવાનું અને મતદાન એ એક પવિત્ર ફરજ હોવાનો અહેસાસ કરાવવાનું કાર્ય હાથ ધર્યું છે. પરંતુ ગાંધીનગરમાં વેકેશનનો માહોલ લગ્નોની આવી રહેલી ભરચક મૌસમ અને વધતી જતી ગરમી આ પવિત્ર કાર્યને કેટલી સફળતા અપાવે છે તે જોવાનું રહ્યું. અત્યારે તો મતદાન વખતે શહેરમા ઘણા બધા મકાનો ખાલી જ રહેશે તેવી શંકા સેવાઈ રહી છે.

### ઈલેક્શન લાઈવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ વિકાસની રોશનીથી ચમકાવશે. મહેશ પટેલની ફરિયાદ છે કે તેમનું સે-૧૫ ગાંધીનગરની મધ્યમાં જ આવેલું હોવા છતાં જાણે અહીંયા વિકાસ બાબતે ઓરમાયું વર્તન કરવામાં આવે છે. અહીં ગટરોની સમસ્યા માથું ફાડી નાંખે તેવી છે જે સત્વરે હલ થાય તે જરુરી છે.

ગુજરાતમાં બેરોજગારીની સમસ્યા તેમના મતે મુખ્ય છે અને આ સાથે તેમણે એક રસપ્રદ વાત એ કરી હતી કે જો નરેન્દ્ર મોદી વડાપ્રધાન ના બની શકે તો તેઓ અરવિંદ કેજરીવાલને વડાપ્રધાન પદે જોવા ઈચ્છશે. સે-૩માં રહેતા હિતેષ દૂધરેજિયા મોબાઈલની દુકાન ચલાવે છે તેમના મતે તો પક્ષ અને તેની વિચારધારા ખૂબ જ મહ્ત્વની છે. ભારતીય જનતા પક્ષની રાષ્ટ્રવાદી વિચારસરણી હોવાથી તેઓ હંમેશા ભાજપને જ મત આપવાનું પસંદ કરે છે તેમણે તો એટલે સુધી કહી દીધું કે જો નરેન્દ્ર મોદી ભાજપ છોડીને કોંગ્રેસમાંથી ચૂંટણીમાં ઉભા રહે તો પણ તેઓ ભાજપને જ મત આપશે. મીના બજારમાં ઝેરોક્ષની દુકાન ચલાવતા મનોજ પટેલ ઉમેદવાર સ્થાનિક હોય તે બાબતે પ્રાથમિકતા આપે છે. તે જોઈને જ મતદાન કરવું જોઈએ તેવો અભિપ્રાય વ્યકત કર્યો હતો. અડવાણી છેલ્લા ૩૦ વર્ષથી ચૂંટાયા હોવા છતાં પ્રજાના પ્રતિનિધિ બની શકયા નથી આથી હવે પોતે સ્થાનિક ઉમેદવારને મત આપવાનો નિર્ણય કર્યો છે.

### અનોખી અશોક કુટિર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રક્તપિશા, પથરી સહીતના રોગોમાં પણ આ વૃક્ષ ઉપયોગી છે. શોક દૂર કરીને સ્ટ્રેસમાંથી મુક્તિ અપાવતા આ વૃક્ષની શીતળ છાંય નીચે બેસવા સે. ૨૦ સ્થિત સરકારી આયુર્વેદિક ઉદ્યાનમાં અશોક કુટીર બનાવવામાં આવી છે. જૂના વાંસનો ઉપયોગ કરી ઉદ્યાનના માળીઓ દ્વારા આ વિશિષ્ટ કુટીરનું નિર્માણ કરાયું છે. જેમાં આગામી દિવસોમાં સીતાજી અને હનુમાનજીનું સ્ટેચ્યુ પણ મુકવામાં આવશે. અશોકવાટીકામાં હનુમાનજી વીંટી લઈને આવ્યા તે પ્રસંગની યાદ અપાવતી આ કુટીરમાં આયુર્વેદ, હોમિયોપેથી ક્ષેત્રના વિદ્યાર્થીઓ ઉપરાંત અન્ય મુલાકાતીઓ પણ થોડીવાર વિસામો લઈ માનસિક શાંતિ તો અહેસાસ કરી શકશે.

### પાઈપલાઈન નંખાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. જ્યારે આ અન્વયે ત્રણ એજન્સીએ રસ દાખવ્યો છે. બીજા તબક્કાની કામગીરી અન્વયે શહેરના મોટા ઉદ્યાનોને હરિયાળા રાખવા પાણી સપ્લાય કરવામાં આવશે. ત્યારબાદ તબક્કાવાર અન્ય બગીચાઓને આવરી લેવાશે. અંદાજિત ૧૦૦ લાખ લીટર પાણી સપ્લાય થાય તેવી વ્યવસ્થા ગોઠવાશે. આ મુજબ પ્લાન્ટ ક્ષમતા મુજબ પાઈપલાઈનનું નેટવર્ક ગોઠવાયા બાદ વાર્ષિક રૂ. ૧૦ કરોડના પાણીની બચત થશે.

ટચૂકડી જાહેર ખબર
વેચવાની છે
દુકાન નં. ૬, સેક્ટર-૨૨, સેક્ટર-૧૭/૨૨, બસ સ્ટેન્ડ પાસે
સંપર્ક : ભગવતીલાલ તેલી
૯૪૨૮૩ ૫૧૯૯૨
સ્થળ : નાના ગ-૨ ચોકડી
સાંજે : ૬ થી ૧૧
મુકેશ ભાજીપાઉં સેન્ટર